

# <u>પ્રેસનોટ- તા.૨૩/૦૬/૨૦૨૨</u>

# <u>વંડા પોલીસ સ્ટેશન વિસ્તાર માંથી દેશી બનાવટી જામગરી બંદુક (અગ્નિશસ્ત્ર હથિયાર ) સાથે એક ઈસમને ઝડપી પાડતી અમરેલી એસ.ઓ.જી.ટીમ.</u>

શ્રી, પોલીસ મહાનિરીક્ષકશ્રી ભાવનગર વિભાગ, ભાવનગરનાંઓ દ્વારા સમગ્ર ભાવનગર રેન્જમાં બનતા ગંભીર પ્રકારનાં ગુન્હાઓ અટકાવવા તેમજ ગેર કાયદેસર હથિયાર ધરાવતા ઇસમોને ત્તાત્કાલીક પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા અંગે જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાંઓ દ્વારા એ.ટી.એસ. ચાર્ટર મુજબના ગંભીર પ્રકારનાં ગુન્હાઓ અટકાવવા તેમજ ગેરકાયદેસર હથિયાર ધરાવતા ઇસમોને ત્તાત્કાલીક પકડી પાડી આરોપીઓ અંગે માહિતી મેળવી, આવા ઈસમોને જેલ હવાલે કરવા જરૂરી સુચનાં અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે ઈન્ચાર્જ પો.સબ ઈન્સ.શ્રી એસ.ઓ.જી.અમરેલી તથા એસ.ઓ.જી.ટીમ એ.ટી.એસ. ચાર્ટર લગત વંડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે, મેકડા ગામની સીમ વિસ્તારમાં ભુરાભાઇ ભરવાડની વાડી/ખેતરની બાજુમાં હનુમાનજીની દેરી પાસે એક ઇસમ પોતાની પાસે ગેરકાયદેસર (અગ્નિશસ્ત્ર હથિયાર) રાખી ઉભો છે. અને તે આજરોજ કોઇ ગુન્હો કરવાની પેરવીમાં હોય, જે અનુસંધાને બાતમીવાળી જગ્યાને કોર્ડન કરી રેઇડ કરતા દેશી બનાવટી જામગરી બંદુક (અગ્નિશસ્ત્ર હથિયાર) સાથે એક ઈસમને ઝડપી પાડેલ છે.

<u>✤ પકડાયેલ આરોપીઃ-</u>

નસીમભાઇ હયાતભાઇ મોરી, ઉવ.૪૨, ધંધો.મજુરી, રહે-મેકડા, તા.સાવરકુંડલા, જી.અમરેલી.

મજકુર પકડાયેલ ઈસમનાં કબ્જામાંથી દેશી હાથ બનાવટી જામગરી બંદુક (અગ્નિશસ્ત્ર હથિયાર)નાં મુદ્દામાલ સાથે પકડી પાડેલ અને પકડાયેલ ઇસમ વિરૂધ્ધ આર્મ્સ એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરી, ગુન્હો દાખલ કરાવી આરોપીને વધુ તપાસ અર્થે વંડા પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

આમ, અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ, નાઓની સુચનાં અને માર્ગદર્શન હેઠળ ઈન્ચાર્જ પો.સબ ઈન્સ.શ્રી એસ.ઓ.જી. તથા એસ.ઓ.જી.ટીમને દેશી હાથ બનાવટી જામગરી બંદુક (અગ્નિશસ્ત્ર હથિયાર) સાથે એક ઈસમને ઝડપી પાડવામાં સફળતા મળેલ છે.



## <u>પ્રેસનોટ- તા.૨૩/૦૬/૨૦૨૨</u>

# <u>અમરેલી, ખેતી વાડી વીજ કનેકશનના અલગ અલગ ટ્રાન્સફોર્મરમાંથી ઓઇલ ચોરી કરનાર ઇસમને કુલ કિં.રૂ.૩૦,૪૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી પાડી ચોરીનો ગુનો ડીટેકટ કરતી અમરેલી એલ.સી.બી.</u>

➪ <u>ગુનાની વિગતઃ-</u>

ગઇ તા.૦૨/૦૬/૨૦૨૨ ની રાત્રિના કોઇ અજાણ્યો ઇસમે અમરેલી, ભોજલીયા મંદિર પાસે, ખેતી વાડી વીજ કનેક્શનના અલગ અલગ ટ્રાન્સફોર્મરમાથી કુલ ૨૩૦ લીટર ઓઇલ કિં.રૂ.૧૭,૪૮૦/- ની ચોરી કરેલ હોય, જે અંગે પી.જી.વી.સી.એલ.ના નાયબ ઇજનેરશ્રી મુકેશભાઇ રામભાઇ પરમાર ઉ.વ.૪૨ રહે,અમરેલી, ચિતલ રોડ, જ્યોતીરાવ નગર સોસાયટીનાઓએ ફરીયાદ આપતા, અજાણ્યા આરોપી વિરૂધ્ધ **અમરેલી તાલુકા પો.સ્ટે. એ-પાર્ટ ગુ.રનં ૧૧૧૯૩૦૦૪૨૨૦૫૬૪/૨૦૨૨ આઇ.પી.સી. કલમ ૩૭૯** મુજબનો ગુનો રજી. થયેલ હતો.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ ભાવનગર રેન્જના જિલ્લાઓમાં બનતા મિલકત સબંધી ગુનાઓ ડીટેક્ટ કરવા સુચના આપેલ હોય, **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓએ અમરેલી જિલ્લામાં બનવા પામેલ મિલકત સબંધી ગુનાના આરોપીઓને શોધી કાઢી, તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અને વણશોધાયેલ ગુનાઓ ડીટેક્ટ કરવા અમરેલી એલ.સી.બી. ટીમને માર્ગદર્શન આપેલ હતું.

**અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે** ગઇ કાલ તા.૨૨/૦૬/૨૦૨૨ નાં રોજ મળેલ બાતમી હકિકત આધારે અમરેલી, બહારપરા, ફાટક પાસે રહેતા ઇસમને ઉપરોકત ચોરીમાં ગયેલ ઓઇલ સાથે પકડી પાડવામાં સફળતા મળેલ છે. પકડાયેલ આરોપી તથા મુદ્દામાલ આગળની કાર્યવાહી થવા સારૂ **અમરેલી તાલુકા પો.સ્ટે.**માં સોંપી આપેલ છે.

➪ <u>પકડાયેલ આરોપીની વિગતઃ-</u>

વિકુ ઉર્ફે હંડો હિરાભાઇ વાઘેલા, ઉ.વ.૪૧, રહે. અમરેલી, બહારપરા, સાવરકુંડલા રોડ, ફાટક પાસે તા.જિ.અમરેલી.

➪ <u>પકડાયેલ મુદ્દામાલઃ-</u>

ઓઇલ ૨૦૦ લીટર ભરેલ ચાર કેબરા કિં.રૂ.૧૫,૨૦૦/- તથા મોટર સાયકલ રજી. નં.GJ-03-DS-5194 કિં.રૂ.૧૫,૦૦૦/- મળી **કુલ કિં.રૂ.૩૦,૪૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.



# પ્રેસનોટ- તા.૨૪/૦૬/૨૦૨૨

## બગસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી રોયલ્ટી વગર રેતી ચોરી કરતા ઇસમોને વાહનો સહિત કુલ કિં.રૂ. ૬,૫૩,૦૦૦/- નાં મુદ્દામાલ સાથે પકડી પાડતી અમરેલી એલ.સી.બી.

**ભાવનગર રેન્જ આઇ.જી.શ્રી સાહેબ** નાઓએ રેન્જના જિલ્લાઓમાં પસાર થતી નદીઓના પટ્ટમાંથી રેતી ચોરી કરી પર્યાવરણને નુકશાન કરતાં ઇસમો સામે કાર્યવાહી કરવા રેતી ચોરી સદંતર બંધ સુચના આપેલ હોય અને **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ** નાઓએ અમરેલી જિલ્લામાં રેતી ચોરી કરતા ઇસમોને પકડી પાડી તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ.

જે અન્વયે **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી** નાઓની રાહબરી હેઠળ **એલ.સી.બી. ટીમે** આજ રોજ તા.૨૪/૦૬/૨૦૨૨ નાં રોજ બગસરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં દરમ્યાન હાલરીયા ગામે નદીના પટ્ટમાંથી ત્રણ ટ્રેકટરોમાં રેતીની ચોરી કરતા ઇસમોને પકડી પાડી તેમની સામે ધોરણસર કાર્યવાહી કરી પકડાયેલ આરોપીઓ તથા મુદ્દામાલ **બગસરા પો.સ્ટે.**માં સોંપી આપેલ છે.

➡ **પકડાયેલ આરોપીઓઃ-**

(૧) જયસુખભાઈ નરશીભાઈ આસોંદરા ઉ.વ.૨૭, રહે.હાલરીયા, કોળીવાડા, તા.બગસરા, જિ.અમરેલી

(૨) વિજયભાઈ પ્રાગજીભાઈ કોરાટ, ઉ.વ.૩૮, રહે.હાલરીયા, પરા વિસ્તાર, તા.બગસરા, જિ.અમરેલી.

➡ **પકડાયેલ મુદ્દામાલઃ-**

ટ્રેકટર રજી નંબર GAW 9257, ટ્રોલી રજી.નં GJ 14 X 5937 કિ.રૂ.૨,૦૦,૦૦૦/- તથા ટ્રેકટર રજી નંબર GJ 14 M 0201, ટ્રોલી રજી.નંબર વગરની કિ.રૂ.૨,૫૦,૦૦૦/- તથા ટ્રેકટર રજી. નંબર GJ 11 M 5446, ટ્રોલી રજી.નં GJ 14 X 2851 કિ.રૂ.૨,૦૦,૦૦૦/- તથા રેતી ૬ ટન કિ.રૂ.૩,૦૦૦/-મળી **કુલ કિં.રૂ.૬,૫૩,૦૦૦/- નો મુદ્દામાલ.**

આ કામગીરી **અમરેલી પોલીસ અધિક્ષકશ્રી સાહેબ**નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ **અમરેલી એલ.સી.બી. ઇન્ચાર્જ પોલીસ ઇન્સ.શ્રી તથા એલ.સી.બી. ટીમ** દ્વારા કરવામાં આવેલ છે.